પ્ર. ૪ નેશનલ કંપની લિમિટેડનું તારીખઃ ૩૧મી ડિસેમ્બર ૨૦૧૬ના રોજ સ્વૈચ્છિક ફડચામાં ગઈ તે તારીખનું તેનું પાકું સરવૈયું નીચે મુજબ હતું. (૧૫)

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| ૬%ના ક્યુ. પ્રેફ. શેર દરેક ₹૧૦૦/-ના પૂરા ભરાયેલા | ૫૦૦૦૦૦ | જમીન અને મકાન | ૨૫૦૦૦૦ |
| ૨૫૦૦ ઈક્વિટી શેર દરેક ₹૧૦૦/- શેરદીઠ ₹૭૫/- ભરાયેલા | ૧૮૭૫૦૦ | પ્લાન્ટ અને યંત્રો | ૬૨૫૦૦૦ |
| ૭૫૦૦ ઈક્વિટી શેર દરેક ₹૧૦૦/- શેરદીઠ ₹૬૦/- ભરાયેલા | ૪૫૦૦૦૦ | પેટન્ટ્સ | ૧૦૦૦૦૦ |
| ૫% તારણવાળા ડિબેન્ચર્સ | ૨૫૦૦૦૦ | સ્ટોક | ૧૩૭૫૦૦ |
| ડિબેન્ચર વ્યાજના બાકી દેવાં | ૧૨૫૦૦ | પરચૂરણ દેવાદારો | ૨૭૫૦૦૦ |
| લેણદારો | ૩૬૨૫૦૦ | રોકડ અને બેંક | ૭૫૦૦૦ |
| | | નફા-નુકશાન ખાતું | ૩૦૦૦૦૦ |
| | ૧૭૬૨૫૦૦ | | ૧૭૬૨૫૦૦ |

લિક્વિડેટરને મિલકતોની ઉપજના ૩% લેખે અને પસંદગીના લેણદારો સિવાયના બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમનાં ૨% લેખે મહેનતાણું ચૂકવવાનું છે.

લેણદારોની રકમમાં ₹૩૭૫૦૦/-ના પસંદગીના લેણદારો અને ₹૧૨૫૦૦૦/-ની લોન કે જે જમીન અને મકાનનાં તારણ પર છે તેનો સમાવેશ થાય છે. પ્રેફરન્સ શેર ડિવિડન્ડ છેલ્લાં બે વર્ષનું ચૂકવવાનું બાકી છે. મિલકતોનાં નીચે મુજબ ઉપજેલ છે.

જમીન-મકાન - ₹૩૦૦૦૦૦/- સ્ટોક - ₹૧૫૦૦૦૦/-

પ્લાન્ટ-યંત્રો - ₹૫૦૦૦૦૦/- પરચૂરણ દેવાદારો - ₹૨૦૦૦૦૦/-

પેટન્ટ્સ - ₹૭૫૦૦૦/-

વિસર્જન ખર્ચ ₹૨૭૨૫૦/- થયો હતો.

લિક્વિડેટરનું છેવટનું આવક-જાવક પત્રક તૈયાર કરો.

**અથવા**

પ્ર. ૪

(અ) બકુલ લિમિટેડ સ્વૈચ્છિક ફડચામાં ગઈ હતી. તેની ફડચા અંગેની વિગતો નીચે મુજબ છે. (૧૦)

૨૦૦૦, ૮% પ્રેફરન્સ શેર, દરેક ₹૧૦૦/-ના પૂરેપૂરા ભરાયેલ.

'અ'-૨૦૦૦ ઈક્વિટી શેર, દરેક ₹૧૦૦/-ના, ₹૭૫/- ભરપાઈ થયેલ;

'બ'-૧૬૦૦ ઈક્વિટી શેર, દરેક ₹૧૦૦/-ના, ₹૬૦/- ભરપાઈ થયેલ;

'ક'-૧૪૦૦ ઈક્વિટી શેર, દરેક ₹૧૦૦/-ના, ₹૫૦/- ભરપાઈ થયેલ.

યંત્રો સહિત મિલકતોના ઉપજ્યા ₹૪૨૦૦૦૦/-.

વિસર્જન ખર્ચ ₹૧૫૦૦૦/- થયો હતો.

બકુલ લિમિટેડે પટેલ બ્રધર્સ પાસેથી ₹૫૦૦૦૦/-ની લોન યંત્રોના તારણ પર લીધી હતી (યંત્રોના ₹૮૦૫૦૦/- ઉપજ્યા હતા). કંપનીના ચોપડામાં ૪ (ચાર) કારકુનનો માસિક ₹૨૫૦/- લેખે ચાર માસનો પગાર તથા ૪ (ચાર) પટાવાળાનો માસિક ₹૧૫૦/- લેખે ત્રણ માસનો પગાર ચૂકવવાનો બાકી હતો. આ સિવાય, કંપનીનાં ચોપડામાં ₹૭૯૮૦૦/-ના લેણદારો દર્શાવેલ છે. લિક્વિડેટરને મિલકતોની ઉપજના ૨% લેખે મહેનતાણું ચૂકવવાનું છે. લિક્વિડેટરનું આવક-જાવકનું પત્રક તૈયાર કરો.

(બ) ટૂંકનોંધ લખોઃ પસંદગીના લેણદારો (૦૫)